MAJ-21023 Seat No. ________

**Third Year B. A. (Non CBCS) Examination**

**February - 2018**

## Gujarati : Paper - XI

***(Parprant Ni Kruti)***

*(Old Course)*

Time : **3** Hours] [Total Marks : **100**

**સૂચના :** (૧) પ્રસ્તુત પ્રશ્નપત્ર પાંચ પ્રશ્નોમાં વહેંચાયેલું છે.
(૨) દરેક પ્રશ્નનો ઉત્તર લખવો ફરજિયાત છે.
(૩) પ્રશ્નપત્રની જમણી બાજુ પ્રશ્નના ગુણ દર્શાવ્યા છે.

૧ નીચેનામાંથી કોઈ એક વિષય પર નિબંધ લખો : ૩૦

(૧) મારો પ્રિય સાહિત્યકાર
(૨) મોંઘવારી- વિકટ સમસ્યા
(૩) રાષ્ટ્રની સાંપ્રત પરિસ્થિતિમાં યુવાનોનું યોગદાન
(૪) રાષ્ટ્રીય એકતા
(૫) શિક્ષણ અને સમૂહ માધ્યમ

૨ ગદ્યખંડનું વિવરણ કરો. ૧૫

"જ્યારે હું અહિંસાનો વિચાર કરવા માંડું છું ત્યારે મને ગીતાનું એક વચન યાદ આવે છે. ભગવાને કહ્યું છે કે, આખી દુનિયા સત્ અને અસત્ બંને તત્વોથી બની છે. એ બંને ભગવાનની વિભૂતિઓ છે. એવી જ રીતે જીવનમાં હિંસા અને અહિંસા બંનેને સ્થાન છે. પણ બંનેમાં ભેદ એ છે કે, હિંસાને જીવનમાં સ્થાન હોવા છતાં જીવનની કૃતાર્થતા એમાં નથી. હિંસાને સ્થાન મળેલું હોવા છતાં જીવનમાં તેનું સમર્થન કરી શકાતું નથી. હિંસાએ જીવનની એક વાસ્તવિકતા છે. જ્યારે અહિંસા તો જીવનનો ધર્મ છે. હિંસા કોઈ કોઈ વખત જીવનને નિભાવે છે, જ્યારે અહિંસા તો જીવનની પરિપૂર્ણતા છે."

**- મહાત્મા ગાંધીજી**

**અથવા**

ધર્મને નામે જગતમાં જેટલાં યુદ્ધો, લડાઈઓ, ઝઘડાઓ થયાં છે. તેટલા અન્ય કશાયે નામે થયાં નથી. ધર્મ એટલે શું, એ ભાગ્યે જ યથાર્થ અર્થમાં જગતને, જગતના સામાન્ય જનસમાજને સમજાયું હશે ! બાહ્યાચાર કોઈ ધર્મ નથી. સાંપ્રદાયિકતા પણ ધર્મ નથી. સંગઠિત થઈને સરખો વેશ ધારણ કરવો કે સરખી ક્રિયા કરવી તે પણ ધર્મ નથી. ધર્મ મનુષ્યને અગ્નિદાહ દેવામાં કે કબ્રસ્તાનમાં દાટવામાં જ ચરિતાર્થ થતો નથી. બાહ્ય પરંપરા અને ધર્મને કોઈ સંબંધ નથી. ધર્મ કોઈનો ધિક્કાર કરવાનું ક્યારેય શીખવતો નથી. ખરો ધર્મ હૃદય-ધર્મ છે. માટે ધર્મ બહાર નથી. અંદર છે. ધર્મ એ અનુભવનો વિષય છે.

**- દાદા ધર્માધિકારી**

૩ નીચેનાં કાવ્યનું રસદર્શન કરાવો : ૧૫

કોણે કહ્યું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક,
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ.
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બૅન્ક બેઠી છે, આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ.
સુખદુ:ખની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખે-પડખે, આઘે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, કયાં છે આવો લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતું ગણતું હેત.
દોઢિયા માટે દોડતાં એમાં આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ.

**- મકરંદ દવે**

**અથવા**

ક્યાંક ઝરણાંની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મોસમ રડી છે.
દોસ્ત મૃગજળની કથા વચ્ચે તમે છો,
આ જુઓ અહીંયા તરસ, ત્યાં વાદળી ઊંચે ચડી છે.
પંખીઓના ગીત જેવી એક ઈચ્છા ટળવળે છે,
ઓ હૃદય ! બોલો આ કેવી ઘડી છે ?
આવ, મારા રેશમી દિવસોના કારણ
જિંદગી જેને કહે છે એ અહીં ઠેબે ચડી છે !
ઓ નગરજન ! હું અજાણ્યા દેશનો થાક્યો પ્રવાસી
લાગણી નામે હવેલી કયાં ખડી છે ?

**- શ્યામ સાધુ**

૪ 'અગ્નિગર્ભ' વિવિધ સંઘર્ષોનું આલેખન કરતી સંઘર્ષપ્રધાન નવલકથા છે' - આ વિધાનની કૃતિ દ્વારા ચર્ચા કરો. ૨૦

**અથવા**

૪ 'અગ્નિગર્ભ' ને આધારે મહાશ્વેતાદેવીની નવલકથાકાર તરીકેની સિદ્ધિ અને મર્યાદાની ચર્ચા કરો. ૨૦

૫ નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો : ૨૦

(૧) 'અગ્નિગર્ભ' નું શીર્ષક
(૨) 'અગ્નિગર્ભ' નવલકથાનો આરંભ અને અંત
(૩) 'અગ્નિગર્ભ' નવલકથામાં સંઘર્ષતત્ત્વ
(૪) 'અગ્નિગર્ભ' નવલકથાની પાત્રસૃષ્ટિ.